દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
શનિવાર ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫

બજેટ બાદ હવે રેપોરેટમાં ઘટાડો, મધ્યમવર્ગ તરફ સરકારે રહેમ નજર રાખવી પડી રહી છે

લોકસભાની ચૂંટણીમાં મોટો ફટકો ખાધા બાદ ભાજપને મધ્યમવર્ગ ધ્યાનમાં આવ્યો છે. મોંઘવારીને કારણે જ મધ્યમવર્ગ ભાજપથી વિમુખ થઈ રહ્યો હોવાનું લાગતા ભાજપની કેન્દ્ર સરકારે તાજેતરમાં જ બજેટમાં 12 લાખની આવક પરથી ઈન્કમટેક્સ નાબુદ કર્યો છે. હવે મધ્યમવર્ગની વહારે રિઝર્વ બેન્ક પણ આવી છે. પાંચ વર્ષ બાદ રિઝર્વ બેંકએ વ્યાજદરમાં 0.25 ટકાનો ઘટાડો કરતાં મધ્યમવર્ગને મોટી રાહત થવાની સંભાવના છે. વ્યાજનો દર ઘટતાં જ મધ્યમવર્ગને હવે લોન સસ્તી મળશે. હાલમાં જેમણે લોન લીધી છે તેમનું વ્યાજ ઘટશે. છેલ્લા બે વર્ષથી રેપોરેટ 6.50 ટકા પર સ્થિર હતો. જેમાં રિઝર્વ બેંક દ્વારા ઘટાડો કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વમાં મળેલી નાણાકીય સમિતીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને પગલે હવે રેપોરેટ ઘટીને 6.25 થયો છે. છેલ્લા પાંચ વર્ષથી રેપોરેટ સતત વધતો જ રહ્યો હતો. છેલ્લે 2023માં ફેબ્રુઆરી માસમાં રેપોરેટમાં વધારો કરવામાં આવ્યો હતો. બે વર્ષ સુધી રેપોરેટ વધ્યો નથી અને હવે તે ઘટી રહ્યો છે. જેને પગલે મધ્યમવર્ગ માટે લોનની ઈએમઆઈ પણ ઘટશે.

ગત બુધવારે તા.5મી ફેબ્રુઆરીના રોજ નાણાકીય સમિતીની બેઠક શરૂ થઈ હતી. જેમાં ત્રીજા દિવસે 7મી તારીખે રેપોરેટ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિશ્વમાં કુગાવામાં ઘટાડો થવાનું અટકી ગયું છે અને આખું વિશ્વમાં હાલમાં આર્થિક સ્થિતી મામલે મુશ્કેલી અનુભવી રહ્યું છે. છતાં પણ રિઝર્વ બેંક દ્વારા રેપોરેટ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી તેને રાજકીય રીતે પણ જોવામાં આવી રહ્યું છે. હાલમાં આખા વિશ્વનું અર્થતંત્ર પડકારોનો સામનો કરી રહ્યું છે. જોકે, ફેડરલ રિઝર્વ બેંક દ્વારા આ સ્થિતિ છતાં પણ રેપોરેટમાં ઘટાડો કરવામાં આવ્યો હોવાથી રિઝર્વ બેંક પણ તેના પગલે ચાલી હોવાનું માનવામાં આવી રહ્યું છે. હાલમાં આખા વિશ્વમાં રાજકીય તણાવ વધી રહ્યો છે. સાથે સાથે ભારતીય રૂપિયો પણ હાલમાં દબાણ હેઠળ છે. જોકે, મધ્યમવર્ગને રિઝવવા માટે આ રેપોરેટમાં ઘટાડો થયો હોવાનું પણ જાણકારો માની રહ્યા છે. 2025ના નાણાકીય વર્ષમાં વાસ્તવિક જીડીપીની વૃદ્ધિ 6.5 ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જે ગયા વર્ષ કરતાં વધુ છે.

એવું માનવામાં આવે છે કે આગામી વર્ષોમાં જીડીપી સુધરશે. હાલમાં ઉત્પાદન ક્ષેત્રમાં વધારો થયો છે. ખાણકામ ક્ષેત્રમાં પણ સુધારો થયો છે. છેલ્લા ક્વાર્ટરમાં પીએમઆઈ સેવામાં પણ ઘટાડો થવાની સંભાવના છે. સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં વધી રહેલી માંગને કારણે પણ અર્થવ્યવસ્થામાં સુધારો જોવા મળશે. હાલમાં કુગાવો 4.7 ટકા રહે તેવી સંભાવના છે. ભવિષ્યમાં કુગાવાનો દર ઘટશે તેવી શક્યતા જોવાઈ રહી છે. અગાઉ કોરોનાની મહામારી દરમિયાન રિઝર્વ બેંક દ્વારા મે 2020માં રેપોરેટ ઘટાડીને 4 ટકા કરવામાં આવ્યો હતો પરંતુ બાદમાં રેપોરેટ ઘટાડાયો નથી. બાદમાં રશિયા અને યુક્રેનના યુદ્ધને કાણે રિઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં વધારો કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું અને છેક ફેબ્રુઆરી,2023 સુધી રેપોરેટ વધતો રહ્યો હતો. જે રીતે બજેટમાં મધ્યમવર્ગને લાભ અને હવે રેપોરેટમાં ઘટાડાને કારણે કેન્દ્ર સરકાર મધ્યમવર્ગ તરફ વળી હોવાનું મનાઈ રહ્યું છે. ભારતમાં મધ્યમવર્ગ મોટા પ્રમાણમાં છે અને તે ભાજપની વોટબેંક રહી છે. જો મધ્યમવર્ગ ભાજપથી મોઢું ફેરવી લે તો ભાજપ માટે સત્તા ટકાવવી અઘરી બને તેમ છે. આગામી દિવસોમાં મધ્યમવર્ગ માટે વધુ રાહતો જાહેર થાય તેવી સંભાવના છે. ભાજપ માટે દરેક રીતે મધ્યમવર્ગને ખુશ કરવો જરૂરી છે. જો ભાજપ તેમ નહીં કરી શકે તો અત્યાર સુધી તેણે ચડેલી સત્તાની સીડી ગમે ત્યારે તેને નીચે ઉતારી દે તે વાત ચોક્કસ છે.

મમ્મીમાં બદલાવ

મમ્મી સવારથી રાત સુધી ઘરનું બધું કામ કરે, પોતાનું કામ પણ સંભાળે અને ઘરમાં નાની વસ્તુ પણ આમથી આમ થાય તો બધાને બરાબરની લેફ્ટ રાઈટ લઇ નાખે. બધી મમ્મીઓ આવી જ હોય પણ થોડા દિવસથી મમ્મીમાં થોડો બદલાવ દેખાઈ રહ્યો હતો. પપ્પાએ કહ્યું, 'હું મારા મિત્રો સાથે બીયરની પાર્ટી કરવા જાઉં છું.'મમ્મીએ કોઈ વાંધો ન ઉઠાવ્યો અને કહ્યું, 'ભલે જાઓ અને રાતના મોડું થવાનું હોય તો ચાવી લઈને જજો.'નાનકડો ભાઈ રમતો રમતો ઘરે આવ્યો અને કહ્યું, 'મમ્મી, બેટ તૂટી ગયું છે.'મમ્મીએ કહ્યું, 'વાંધો નહીં પપ્પા મહિના બે મહિના પછી તને બીજું નવું લઈ આપશે ત્યાં સુધી તારા ફ્રેન્ડના બેટથી રમજે.'મમ્મીને સારા મૂડમાં જોઈને મેં મમ્મી પાસે જઈને કહ્યું, 'મમ્મી, આ વખતે મારા માર્કસ બહુ ઓછા આવ્યા છે અને એક વિષયમાં એટીકેટી પણ આવી છે.'મને નવાઈ લાગી. મમ્મી બિલકુલ ન ખિજાઈ અને તેણે કહ્યું, 'વાંધો નહીં, આ વખતે વધારે ભણજે. ટ્યુશનની જરૂર હોય તો મને કહી દેજે. ટ્યુશન પણ રાખી લઈશું.'મોટો ભાઈ ઘરે આવ્યો. આજે તે બાઈક પરથી પડી ગયો હતો અને બાઈકને પણ નુકસાન થયું હતું. મમ્મીએ તેને ચૂપચાપ દવા લગાડી આપી અને કહ્યું, 'કાલે બાઈક ગેરેજમાં આપી આવજે અને જે ખર્ચો થાય તેનું બિલ પપ્પાને આપજે.'મમ્મી કોઈને ક્યારેય ન ખીજાય એવું બને જ નહીં. નાની નાની વાતે તે ખીજાઈ જતી...સતત સલાહ આપતી. મમ્મી આજે આટલા બધા બહુ ખીજાઈ જવાય તેવી વાતો થઈ છતાં મમ્મી બિલકુલ ન ખીજાઈ એટલે મેં મમ્મીને પૂછ્યું, 'મમ્મી, તેં ડોક્ટર પાસે જઈને તેં ખાસ શાંત રહેવાની દવા લીધી છે કે શું?'મમ્મીએ કહ્યું, 'મેં કોઈ દવા નથી લીધી પણ મેં એક વાત બરાબર સમજી લીધી છે કે જે કંઈ પણ થાય છે અને કોઈ પણ વ્યક્તિ સમજીને જે કંઈ પણ કરે છે તેના માટે તે પોતે જવાબદાર હોય છે. તને ઓછા માર્ક આવ્યા, મોટો બાઈક પરથી પડી ગયો. નાનાનું બેટ તૂટી ગયું કે પછી તારા પપ્પા બિયર પીવા ગયા. તમે લોકો બધાં જે કરો છો તે સમજીને કરો છો અને તેના માટે તમે જવાબદાર છો એ વાત મેં સમજી લીધી છે એટલે હવે હું કોઈ ચિંતા કોઈ ગુસ્સો કે કોઈ ડિમાન્ડ કરવાની નથી. આજથી મારા તરફથી જેને જે મદદ જોઈતી હોય તેના માટે હું છું અને જેને પોતાની રીતે જીવનમાં આગળ વધવું હોય તે વધી શકે છે. મેં હવે બધાની ચિંતા કરવાની છોડી દેવાનું નક્કી કર્યું છે.'મમ્મીનો આ બદલાવ જોઈને રાજી થવું જોઈએ પણ મન દુઃખી થઈ ગયું કારણ કે એક મમ્મી જ તો હોય છે જે સતત આપણી ચિંતા કરતી હોય છે અને જો તે બદલાઈ જાય તો પછી એમ લાગશે કે આપણી ચિંતા કરશે કોણ? મમ્મી ખીજાતી હોય કે મમ્મી ઘડી ઘડી કોઈ વાત યાદ કરાવતી હોય કે કોઈ પણ વાતે તમને સમજાવતી હોય તો તે હંમેશા પ્રેમથી સાંભળજો કારણ કે જો મમ્મી બદલાઈ જશે ને તો ગમશે નહીં.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

વધુ બાળકો પેદા કરો : આંધ્રપ્રદેશ અને તમિલનાડુની નવી નીતિ

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

દક્ષિણનાં પાંચ રાજ્યોમાં પ્રજનન દર રાષ્ટ્રીય દર કરતાં પણ નીચો છે. ૨ ટકાથી નીચે છે

આર. એસ. એસ.નાં વાળા મોહન ભાગવતે કહેલું કે દરેક હિન્દુએ બેથી વધુ બાળકો પેદા કરવાની જરૂરત છે નહિ તો ગંભીર સમસ્યા સર્જાઈ શકે છે. આ નિવેદને ચર્ચા જગાડી હતી. પણ હવે બે રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ આવી જ વાત કરી છે અને ચર્ચા ફરી શરૂ થઈ છે. આંધ્ર અને તામીલનાડુના મુખ્યમંત્રીઓ આ માટે કાયદા બદલવા માંગે છે. આ વિષે ગંભીરતાથી ચર્ચા થવી જરૂરી છે પણ કમનસીબે થતી નથી.

ભારતની વસ્તી ચીનથી આગળ નીકળી ગઈ છે. ૧૪૦ કરોડનો આંક વટાવી ગઈ છે અને ૨૦૩૬માં વસ્તી ૧૫૨ કરોડ થઈ શકે છે. પણ સાથે એક વાત નોંધવા જેવી છે કે, ભારતમાં પ્રજનન દર ઘટતો જાય છે. ૧૯૫૦માં જે પ્રજનન દર ૭ બાળકોનો હતો એટલે કે, એક મહિલા સાત બાળકોને જન્મ આપતી હતી. આજે એ દર ૨ ટકા આસપાસ થઈ ગયો છે. ૨.૧ ટકા પ્રજનન દર છે. એનાથીય આગળ જઈને વાત કરીએ તો દક્ષિણનાં પાંચ રાજ્યોમાં પ્રજનન દર રાષ્ટ્રીય દર કરતાં પણ નીચો છે. ૨ ટકાથી નીચે છે. આ સ્થિતિમાં થોડાં વર્ષો બાદ એટલે દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પૂરાં થશે ત્યાં સુધીમાં ડેમોગ્રાફિક લાભ અત્યારે મળી રહ્યા છે એ ખતમ થઈ જશે અને આજે ભારત યુવા દેશ છે એ વૃદ્ધોનો દેશ બની જશે.

આ જ કારણે આંધ્રપ્રદેશ અને તામિલનાડના મુખ્યમંત્રીઓ કહે છે કે, વધુ બાળકો પેદા કરો. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચન્દ્રાબાબુ નાયડુએ તો બે બાળકોથી વધુ હોય એવાં લોકોને સ્થાનિક ચૂંટણીઓમાં ભાગ ના લેવા દેવાનો કાયદો રદ કરી નાખ્યો છે અને હવે એવો કાયદો કરવા માગે છે કે, બે બાળકોથી વધુ બાળકો હોય એવાં લોકોને જ ચૂંટણીનો હક અપાશે. તો તામીલનાડુના મુખ્યમંત્રી સ્તાલીને એમ કહ્યું છે કે, ૧૬-૧૬ બાળકો પેદા કરો. એમણે એમ કહ્યું કે, પહેલાં દંપતીને સોળ સંતતિના આશીર્વાદ અપાતા હતા. હવે સોળ બાળકોના આશીર્વાદ આપવા જોઈએ. એ વાત સાચી છે કે, ચીનમાં બાળકો મુદ્દે કડક કાયદાઓ હતા. એક જ બાળક પેદા કરવાનો કાયદો હટ્યો એમાં ૨૦૨૧માં સુધાર કરી બે બાળકો કરવા છૂટ અપાઈ. રશિયાના રાષ્ટ્રપતિએ પણ ૮ બાળકો પેદા કરવા મહિલાઓને સલાહ આપી છે. ઘણા દેશોમાં પ્રજનન દર ઘટ્યા બાદ વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે. એ દશા ભારતમાં થઈ શકે છે.

પણ સવાલ એ છે કે, વધુ બાળકો પેદા કર્યા બાદ એની પરવરિશનું શું? આજે બાળકો મોટાં કરવાં આસાન નથી અને એટલે જ દંપતીઓ એક બાળક પેદા કરે છે અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીનાં પગલાં મુદ્દે કોઈ પક્ષ કાંઈ બોલ્યું નથી. ભાજપ પણ મૌન છે.

હા, એ વાત સાચી છે કે, પ્રજનન દર ઘટે એટલે જે તે રાજ્યની વસ્તી ઘટે અને એનાથી રાજ્યને કેટલુંક નુકસાન થઈ શકે છે. જેમ કે નવું સીમાંકન થવાનું છે અને એ કારણે યુપી બિહાર જેવાં રાજ્યોને વસ્તી પ્રમાણે બેઠકો વધુ મળશે અને દક્ષિણનાં રાજ્યોને ઘટશે અને બેઠકો ઘટશે એટલે પ્રતિનિધિત્વ ઘટશે. રાજ્યને કેન્દ્ર દ્વારા મળતી મદદ પણ ઘટી શકે છે. આ પ્રશ્નો છે પણ એ વિષે કોઈ ફોડ પાડતું નથી. એટલે આ વિષયે વ્યાપક ચર્ચા જરૂરી છે.

રાજ્યો માટે સમાન નાગરિક ધારો

ભાજપ અને સંઘના એજન્ડામાં ક. ૩૭૦ , તલાક નાબૂદી અને સમાન નાગરિક ધારો રહ્યાં છે. એમાંથી પહેલાં બે તો પૂરા થઈ ગયા છે અને હવે સમાન નાગરિક ધારા પર કામ થઈ રહ્યું છે. કેન્દ્ર દ્વારા આ કાયદો લવાવો જોઈએ પણ એમાં સમસ્યાઓ થઈ શકે એમ છે એટલે ભાજપે બીજો રસ્તો અપનાવ્યો છે અને રાજ્યોની વાટે આ કાયદો દાખલ થઈ રહ્યો છે.

ઉત્તરાખંડમાં સમાન નાગરિક ધારો અમલમાં આવી ગયો છે. દેશનું એ પહેલું રાજ્ય બન્યું છે અને ત્યારે જ સવાલ ઊઠતો હતો કે, ગુજરાત તો ભાજપ માટે આદર્શ રાજ્ય રહ્યું છે. હિન્દુત્વની લેબોરેટરી રહ્યું છે તો ત્યાં કેમ કાયદા વિષે વાત થતી નથી. અગાઉ વાત તો થઈ હતી પણ પછી એ દિશામાં કોઈ પગલું લેવાયું નહોતું. પણ હવે જાહેરાત થઈ છે. એક સમિતિની રચના થઈ છે અને એ ૪૫ દિવસમાં અહેવાલ આપશે બાદમાં એ અહેવાલના આધારે યુસીસીનો અમલ શરૂ કરાશે.

આમ તો આવો કાયદો કેન્દ્ર સરકાર દ્વારા લવાતો હોય છે. એ રાજ્યોનો અધિકાર છે કે કેમ? એ અંગે સવાલ ઉઠાવ્યા છે. શક્ય છે કે આ મુદ્દે કાનૂની લડત પણ થાય. પણ ભાજપ સ્પષ્ટ છે કે, એ પોતાની સત્તા જે રાજ્યોમાં છે ત્યાં આ કાયદો જરૂર લાવશે. ગુજરાત પછી કયું ભાજપ શાસિત રાજ્ય છે જે જાહેરાત કરે છે એ જોવાનું છે.

મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે, ગુજરાતે આ કાયદો અમલમાં આવે પછીય એ આદિવાસીઓને લાગુ નહિ પાડવામાં આવે. આવું શા માટે? એનો ગળે ઊતરે એવો ખુલાસો પણ થવો જોઈએ. આમ તો ફોજદારી કાયદો તો બધા માટે સમાન છે. પણ લગ્નો અને સંતતિ મુદ્દે અલગ અલગ કાયદા છે.

આદિવાસીઓની વાત કરીએ તો તેઓ તેમના રિવાજોમાં કોઈ ફેરફાર ઈચ્છતા નથી. અહીં ત્રણ પ્રકારનાં લગ્ન થાય છે. લગ્ન પહેલાં, છોકરાનો પરિવાર છોકરીના પરિવારને ત્રણ વખત મળે છે જેથી લગ્નનો સોદો નક્કી કરી શકાય. આ લગ્નોમાં દહેજની કોઈ જોગવાઈ નથી. વરરાજાના પરિવાર લગ્નનો બધો ખર્ચ ઉઠાવે છે. આ લગ્ન આખા ગામની દેખરેખ હેઠળ થાય છે. આદિવાસી સમુદાયોમાં પૈથુ પરંપરા છે. આ પરંપરા હેઠળ, જો કોઈ છોકરીને કોઈ છોકરો ગમે છે, તો તે લગ્ન કર્યા વિના તેના ઘરે રહેવાનું શરૂ કરે છે. બાદમાં લગ્નને તમામ આદિવાસી રિવાજો અને વિધિઓ સાથે ઔપચારિક રીતે માન્યતા આપવામાં આવે છે. આદિવાસીઓમાં વિધવા પુનર્લગ્ન સામાન્ય છે. સામાન્ય રીતે દીકરીઓને તેમના પિતાની મિલકત પર અધિકાર હોતો નથી કારણ કે તેઓ લગ્ન પછી બીજા ઘરમાં રહે છે. પરંતુ જો કોઈ પિતાને ફક્ત પુત્રીઓ હોય તો વારસો પુત્રીઓમાં સમાન રીતે વહેંચવામાં આવે છે. રાજ્ય સરકારે એવું વચન આપ્યું છે કે, ઉત્તરાખંડની જેમ જ ગુજરાતમાં પણ આદિવાસીઓના અધિકારો સુરક્ષિત રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઈન્ડિયા ગઠબંધનમાં તિરાડ, કોંગ્રેસ માટે 'એકલા ચલો'નો સમય

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના જ ગઠબંધન ભાગીદારો દ્વારા તેને એકલી છોડી દેવામાં આવી

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

ઝારખંડ રાજ્યને બાદ કરતાં, વિરોધ પક્ષોના ઈન્ડિયા ગઠબંધને ક્યાંય પણ એકતા કે સ્થિતિસ્થાપકતાના કોઈ સંકેત બતાવ્યા નથી, કેજરીવાલ, મમતા બેનર્જી, પવાર, ઉદ્ધવ ઠાકરે, અખિલેશ યાદવ, લાલુ યાદવ વગેરેએ ન તો પોતાનું અને ન તો ઈન્ડિયા જૂથનું ભલું કર્યું

શું કોંગ્રેસ માટે કોઈ પણ વિપક્ષી ગઠબંધન વિના પોતાનો માર્ગ નક્કી કરવાનો સમય આવી ગયો છે? આ પ્રશ્ન એક સદીથી વધુ જૂની પાર્ટીની સામે છે, જેને દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં તેના જ ગઠબંધન ભાગીદારો દ્વારા એકલી છોડી દેવામાં આવી હતી. મોટાભાગના ગઠબંધન ભાગીદારોએ ગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી કોંગ્રેસને વ્યૂહાત્મક રીતે ઘેરી લીધી હતી જેથી કટ્ટર હરીફ ભાજપ સિવાય બીજા કોઈને ફાયદો ન થાય.

આ સમય આવી ગયો છે, અનિર્ણાયક અને યથાસ્થિતિવાદી અભિગમને કારણે કોંગ્રેસ માટે I.N.D.I.A બ્લોકમાં તેની હાજરી અંગે નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. હકીકત એ છે કે ગઠબંધનના મોટાભાગના ભાગીદારો બેઠકોના મુદ્દે કોંગ્રેસ પર હુમલો કરી રહ્યા છે.

કોંગ્રેસ માટે હવે કંઈક ઝડપી કરવાનો અને એકલા જવાનો નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. હવે 'એકલા ચલો'નો સમય છે કારણ કે ગઠબંધન ભાગીદારો પર પોતાનો સમય બગાડવાનો નિરર્થક હેતુ છે, પોતાને મજબૂત બનાવવાને બદલે રાજકીય દુશ્મનનો ખેલ રમવાનો છે.

એકલા આદિવાસી પ્રભુત્વ ધરાવતા ઝારખંડ રાજ્યને બાદ કરતાં, વિરોધ પક્ષોના ઈન્ડિયા ગઠબંધને એકતા કે સ્થિતિસ્થાપકતાના કોઈ સંકેત બતાવ્યા નથી. આ ડગમગતા ગઠબંધનનું મુખ્ય લક્ષણ અથવા ગ્રે શેડ એ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના ભાજપની શક્તિને અવરોધે છે. મોદી સરકારની મજબૂત રણનીતિઓથી ઘેરાયેલા અને પજવાયેલા હોવા છતાં, કોંગ્રેસ સિવાયના વિપક્ષી પક્ષો, મોટા ધ્યેયના ભોગે પોતાની વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓને જીવંત રાખવા માટે, જાણતા કે અજાણતા, ભાજપની રમત રમવામાં વધુ સંતુષ્ટ રહ્યા છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીઓ આવી અને વિપક્ષી ગઠબંધનમાં તિરાડો વધુ સ્પષ્ટ થઈ અને તેના ટૂંકા અસ્તિત્વ દરમિયાન ક્યારેય કરતાં વધુ સામે આવી. શરૂઆતથી જ સ્પષ્ટ થઈ ગયું હતું કે ઈન્ડિયા બ્લોકનો મુખ્ય કેન્દ્ર કોંગ્રેસ અને દિલ્હીના મુખ્ય રાજકીય પક્ષો પૈકીના એક, આમ આદમી પાર્ટી (આપ) બંને, પોતપોતાના માર્ગે જશે.

હા, પહેલો હુમલો આપ સુપ્રીમો અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કર્યો હતો, જે ઈન્ડિયા જૂથના અન્ય ભાગીદારો માટે સાચું છે. તેમણે શરૂઆતમાં જ એકલા ચૂંટણી લડવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો હતો. ત્યારબાદ પાર્ટીએ અડધો ડઝન ભ્રષ્ટ નેતાઓની યાદી જાહેર કરી હતી જેમાં આશ્ચર્યજનક રીતે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પણ સામેલ હતા. ત્યારબાદ કોંગ્રેસ પાસે આપ વિરુદ્ધ વ્યાપક વિરોધ શરૂ કરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો અને ખાસ કરીને કેજરીવાલ, રાહુલ, અત્યાર સુધી મૌન રહ્યા હતા.

તે આટલેથી અટક્યું નહીં અને ઈન્ડિયાના ભવિષ્ય માટે પરિસ્થિતિ વધુ જટિલ બનાવી દીધી, તેના ભાગીદારો, એક પછી એક, આપને ટેકો આપવાની માત્ર જાહેરાત ન કરી, પરંતુ તેમના નેતાઓએ કેજરીવાલના સમર્થનમાં કોંગ્રેસ વિરુદ્ધ સક્રિયપણે ઝુંબેશ ચલાવી. તેમાંના મુખ્ય હતા સમાજવાદી પાર્ટી, જેનો ઉત્તર પ્રદેશમાં મજબૂત પગપેસારો છે, અને તૃણમૂલ કોંગ્રેસ પશ્ચિમ બંગાળમાં શાસન કરી રહી છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પોતે કેજરીવાલ માટે પ્રચાર કર્યો હતો, જ્યારે મમતા બેનર્જીએ સિનેમા સ્ટાર બનેલા રાજકારણી અને વારંવાર પાર્ટીના નેતા રહેલા શત્રુઘ્ન સિંહાને કેજરીવાલને ટેકો આપવા માટે મોકલ્યા હતા.

વિપક્ષી ગઠબંધન માટે પરિસ્થિતિ વધુ ખરાબ કરનારી બાબત એ હતી કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (મહારાષ્ટ્રમાં ગઠબંધન ભાગીદાર શરદ પવાર) અને ઝારખંડ મુક્તિ મોરચા (ઝારખંડમાં જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન સત્તામાં છે) જેવા સાથી પક્ષોએ પણ કોંગ્રેસથી દૂર રહેવાનું પસંદ કર્યું. તેમના સ્વભાવ પ્રમાણે, પવાર, જે રહસ્યમય અને અવિશ્વસનીય રાજકારણી હતા, તેઓ કોંગ્રેસ-શિવસેના (યુબીટી)-એનસીપી ગઠબંધન સિવાયના રાજકીય વિકલ્પોનો ઉપયોગ કરવાના અહેવાલો વચ્ચે દૂર રહ્યા. વધુ આશ્ચર્યજનક વાત એ છે કે, જેએમએમ-કોંગ્રેસ સરકારના વડા હેમંત સોરેન પણ હાજર રહ્યા ન હતા, કાં તો તેઓ કોઈ પણ વિવાદથી દૂર રહેવા માટે જાણી જોઈને દૂર રહ્યા હતા અથવા કોંગ્રેસના મેનેજરો દ્વારા તેમને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.

દિલ્હીની ચૂંટણીઓ વચ્ચે, બિહારની તેમની એક મુલાકાત દરમિયાન, રાહુલે રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ યાદવ અને તેમના પુત્ર તેજસ્વી યાદવ સાથે અચાનક મુલાકાત કરી હતી, પરંતુ મુલાકાતની ભાવના દિલ્હીની ચૂંટણીઓ સુધી મર્યાદિત ન હતી. દિલ્હીમાં પૂર્વાંચાલી (બિહારી) વસ્તી મોટી સંખ્યામાં હોવા છતાં, યાદવ કુળ દ્વારા દિલ્હીમાં પ્રચાર કરવાની ઓફર કરવામાં આવી ન હતી. પ્રશ્ન એ ઊભો થાય છે કે શું કોંગ્રેસે તેમને આમંત્રણ આપ્યું ન હતું કે તેઓ કોંગ્રેસ અને આપ બંનેથી સુરક્ષિત અંતર રાખવાનું પસંદ કરતા હતા. તેનાથી ચોક્કસપણે ખરાબ સંદેશ ગયો.

પવાર અનેસોરેન, લાલુ યાદવ, ડીએમકેના વડા અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિન અને નેશનલ કોન્ફરન્સના વડા ડૉ. ફારુક અબ્દુલ્લા જેવા અન્ય પ્રાદેશિક નેતાઓની સાંકેતિક હાજરી પણ વિપક્ષી ગઠબંધનના વિરોધીઓને શાંત કરી દેત. આ એ હકીકત હોવા છતાં છે કે બિલાડીને કટ્ટર હરીફ ભાજપ અથવા પાર્ટીના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધન દ્વારા નહીં, પરંતુ કેટલાક વધુ મહત્વાકાંક્ષી આઈ.એન. ડી.આઈ.એ. ભાગીદારોએ કબૂતરોમાં છોડી દીધી હતી, જે કારણોસર તેઓ જાણીતા છે. શું તેઓ ભાજપના ઈશારા પર રમી રહ્યા હતા? અથવા, તેમની વ્યક્તિગત રાજકીય મહત્વાકાંક્ષાઓ એટલી હદે અતિશય હતી કે તેમને તેમના પોતાના ગઠબંધન વિરુદ્ધ કાર્યવાહી કરવા દબાણ કર્યું?

કેજરીવાલ, મમતા બેનર્જી, પવાર, ઉદ્ધવ ઠાકરે, અખિલેશ યાદવ, લાલુ યાદવ વગેરેએ ન તો પોતાનું અને ન તો ઈન્ડિયા જૂથનું ભલું કર્યું છે. કોંગ્રેસને અલગ પાડવાના તેમના સંયુક્ત પ્રયાસો, જે ગઠબંધનમાં સૌથી મોટી પાર્ટી છે, જે સમગ્ર ભારતમાં મજબૂત હાજરી ધરાવે છે, કદાચ, વિપક્ષી ગઠબંધનનું પ્રતીક છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીએ વિપક્ષી ગઠબંધન ભાગીદારો વચ્ચેના યુદ્ધ રેખાઓને સાફ કરવામાં કોઈ અસ્પષ્ટતા છોડી નથી, તેના બદલે તે તેના રાજકીય હરીફ, ભાજપના સંદર્ભમાં પણ આવું જ કરે છે. તે ખૂબ જ વિચિત્ર છે પણ અણધાર્યું નથી કારણ કે વિપક્ષી ગઠબંધનની વાર્તાનો ઈતિહાસ ખૂબ જ વિચિત્ર છે.

કોંગ્રેસ માટે શ્રેષ્ઠ વિકલ્પ એ છે કે તે પોતાનો માર્ગ નક્કી કરે અને વિવિધ રાજ્યોમાં વ્યૂહાત્મક પછીના જોડાણો માટે વિકલ્પો ખુલ્લા રાખે. આ વ્યૂહરચના પથ્થરમાં કોતરેલી ન હોવી જોઈએ. ચૂંટણી પહેલાના જોડાણો ત્યાં કરવા જોઈએ જ્યાં ગઠબંધન ભાગીદારો તેને ગૌરવ સાથે કરવા તૈયાર હોય.

કોંગ્રેસ માટે વધુ સારો વિકલ્પ એ છે કે તે પહેલા ખૂબ અવગણવામાં આવેલા અને વિલંબિત સંગઠનાત્મક માળખાને મજબૂત કરીને પોતાનું ઘર સુધારે. મહારાષ્ટ્ર અને હરિયાણા અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર (તેનો ગઢ જમ્મુ ગુમાવવો) જેવા રાજ્યોમાં હાર છતાં, જવાબદારીઓ નક્કી કરવામાં આવી ન હતી.

કોંગ્રેસની ઈન્ડિયા બ્લોકની મુશ્કેલીઓ તેના નબળા પક્ષ માળખા અને તેના ટોળાને એકસાથે રાખવામાં નિષ્ફળતા સાથે ઘણું સંબંધિત છે. નિર્ણય લેવાની ક્ષમતાનો અભાવ અને જવાબદારી પરિબળનો સંપૂર્ણ અભાવ અને જવાબદારી નક્કી કરવી એ દાયકાઓથી તેના માટે એક શ્રાપ સાબિત થયું છે. આ પાસાને સંપૂર્ણપણે અવગણવામાં આવ્યું છે.

વિપક્ષી જોડાણની ઘટનાઓની દ્રષ્ટિએ, દિલ્હી પ્રકરણ એક ચેતવણી સંકેત છે જેને કોંગ્રેસ હવે અવગણી શકે નહીં. ભાજપ સામે લડવા માટે કોઈપણ જોડાણ, અનિર્ણાયક અને સંગઠનાત્મક રીતે નબળા કોંગ્રેસ માટે અર્થહીન છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સિનેમા પરિભાષા હિંસક

મનોરંજનની પરિભાષા હવે હિંસક ચપગપ છે. આવનારી પેઢીને ખોટો સંદેશ આપી રહી છે. સિનેમા હવે સિનેમા ઘર તમારા ડ્રોઈંગ રૂમના સ્ક્રીન સુધી પહોંચી ગઈ છે. લગભગ 11 વર્ષથી મેં સિનેમા પડદે પિકચર જોયાં નથી. કારણ જોવાલાયક બે ચાર ફિલ્મ છોડીને બધાં જ પિકચરમાં હદ વટાવે એટલું વાયેલેશન, મર્ડર, ગંદી ગાળો અને અનગણિત ઉઘાડા અને વ્યભિચાર કરે એવાં હલકી કક્ષાનાં દૃશ્યોથી ભરેલી હોય છે. આજનું જનરેશન બગડી રહ્યું છે અને કુમળી વયનાં બાળકો તરત જ જોઈને એનું અનુકરણ કરે છે.આવાં અસામાજિક કૃત્ય કરતાં પિકચર જોઈને જ મર્ડર-રેપ અને ગુનાહિત કામો વધતાં જાય છે. તેના માટે કંઈક આ સિનેમા જવાબદાર છે. આપણી સહનસશીલતા હચમચી જાય એટલી ક્રૂરતા, એટલાં ભયાનક હિંસક દૃશ્યો અને પ્રણય દૃશ્યો બતાવવામાં આવે છે. ઘરમાં-મા-બાપ બહેન અને છોકરાઓ સાથે જોઈ ન શકાય. અરે, અમુક દૃશ્યો તો એકલાં બેસીને જોઈને પણ શરમ આવે એ રીતના બતાવવામાં આવે છે. કયાં છે સેન્સર બોર્ડ જેવું કંઈ છે કે નહીં, તંત્ર શું કરે છે. કેવી રીતે ચલાવી લે છે. પણ તંત્રને પોલીટીકસ અને પોતાની ખુરશી બચાવવા સિવાય કશામાં રસ નથી. આવી ફિલ્મ માનવજીવન અને આવનારી પેઢી માટે મોટો સંદેશ પુરવાર થશે. આને રોક આ એક ખૂબ મોટો સવાલ છે.

સુરત - તુષાર શાહ

દૂધ અને મોટા આંતર